ક્રમાંક:-મઉમશબ/સંશોધન/૨૦૨૧/૨૯૪૬-૮૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૭/૦૪/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- દિવ્યાંગજન અધિકાર અધિનિયમ ૨૦૧૬ની કલમ ૯૨ના અસરકારક અમલીકરણ બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્રક્રમાંક:પરચ/૧૨૨૦૨૧/૧૪૭/વર, તા.૦૬/૦૪/૨૦૨૧.

ઉપરોક્ત વિષય અન્વયે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર સાથે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૪/૨૦૨૧ના પત્રની નકલ બિડાણ સહિત અત્રેની કચેરીને મળેલ છે. જે અન્વયે WRIT PETITION(CIVIL) No.1128 of 2018 અન્વયે પ્રેયર E મુજબ તમામ શાળાઓમાં દિવ્યાંગજન અધિકાર અધિનિયમ ૨૦૧૬ની કલમ-૯૨નો પ્રચાર કરવા તથા દિવ્યાંગજનોનું અપમાન, હિંસા, ધાક-ધમકી રોકવા અંગેની વિગતો જણાવેલ છે.

ઉક્ત વિગતે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ ૨૦૧૬ની કલમ-૯૨માં દર્શાવ્યા મુજબની વિગતો નીચે મુજબ છે.

કોઈપણ વ્યક્તિ,—

(એ) લોકોની નજરે પડે એવા કોઈપણ સ્થળે વિકલાંગતા ધરાવતી વ્યક્તિનું ઈરાદાપૂર્વક અપમાન કરે અથવા અપમાનિત કરવાના આશયથી ધાકધમકી આપે;

(બી) વિકલાંગતા ધરાવતી વ્યક્તિ પર તેને અપમાનિત કરવાના ઈરાદાથી હુમલો કરે અથવા બળજબરી કરવાનો પ્રયત્ન કરે અથવા વિકલાંગતા ધરાવતી મહિલાની શાલીનતા પર અત્યાચાર (બળજબરી) કરે;

(સી) જે વાસ્તવિક રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિની જવાબદારી અને તેના ઉપર નિયંત્રણ ધરાવે છે અને સ્વેચ્છાપૂર્વક કે જાણી જોઈને તેને કે તેણીને ખોરાક અને પ્રવાહી પદાર્થો આપવાનો ઈનકાર કરે;

(ડી) વિકલાંગતા ધરાવતા બાળક અથવા સ્ત્રીની ઈચ્છા (મરજી) પર આધિપત્ય ધરાવતા હોવાની સ્થિતિમાં હોય અને એ સ્થિતિનો ઉપયોગ તેણીનું જાતીય શોષણ કરવા માટે કરતી હોય;

(ઇ) વિકલાંગતા ધરાવતી વ્યક્તિના કોઈપણ શારીરિક અંગો કે જ્ઞાનેન્દ્રિયો અથવા અન્ય કોઈ સહાયક સાધનનો ઉપયોગ કરીને સ્વેચ્છાપૂર્વક ઈજા કરે, નુકસાન પહોંચાડે અથવા તેને અવરોધે;

(એફ) વિકલાંગતાના કેટલાક જટિલ કેસોમાં કે જ્યાં રજીસ્ટર્ડ તબીબી વ્યવસાયિકના મતે તેમજ વિકલાંગતા ધરાવતી સ્ત્રીના વાલીઓની સંમતિથી કાયદેસર ગર્ભપાત માટે તબીબી પ્રક્રિયા કરવામાં આવે છે તે સિવાય વિકલાંગતા ધરાવતી મહિલા પર તેની સ્પષ્ટ સંમતિ વિના કોઈપણ તબીબી પ્રક્રિયા કરવામાં આવે, હાથ ધરવામાં આવે અથવા નિર્દેશિત કરવામાં આવે જેનાથી ગર્ભપાતની સ્થિતિ સર્જાય કે તેવી સ્થિતિ સર્જાવાની સંભાવના રહે;

તે વ્યક્તિ નિશ્ચિત મુદત માટે સજાપાત્ર બનશે જે છ માસથી ઓછી નહિ એટલી હશે પરંતુ તેને દંડ સહિત પાંચ વર્ષ સુધી વધારી શકાશે.

ઉક્ત દિવ્યાંગજન અધિકાર અધિનિયમ ૨૦૧૬ની કલમ-૯૨ના અસરકારક અમલીકરણ અંગેની વિગતો આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપશો.

સંયુકત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

જા. નં. ૫૫૩૦
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બી બ્લોક,
ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.
તા: 07/05/2021

નકલ સવિનય રવાના :-

- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ
જા/- જાણ તથા અમલ સારુ.



જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો, સુરત